# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ખેડૂતો, પશુપાલકો અને લઘુ ઉદ્યમીઓનું હિત દેશ માટે સૌથી મહત્વપૂર્ણ છે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
3) પ્રધાનમંત્રી આવતીકાલે 100થી વધુ દેશોમાં નિકાસ માટે પ્રથમ વૈશ્વિક બેટરી ઇલેક્ટ્રિક વાહનને લીલીઝંડી આપશે.
4) માદક દ્રવ્યો અને કેફી પદાર્થો સામે કડક કાર્યવાહી કરવા રાજ્યમાં 6 ANTF એકમો બનાવાશે.
5) મીરાબાઈ ચાનુએ અમદાવાદમાં રાષ્ટ્રમંડળ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM AHMEDABAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ખેડૂતો, પશુપાલકો અને લઘુ ઉદ્યમીઓનું હિત દેશ માટે સૌથી મહત્વપૂર્ણ છે. કોઈ પણ પ્રકારના દબાણમાં દેશનાં ખેડૂતોનું અહિત નહીં થવા દેવાય. આજે અમદાવાદમાં પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી મોદીએ ઓપરેશન સિંદૂરને સેનાના શૌર્ય અને સુદર્શન ચક્રધારી ભગવાન શ્રીકૃણની ઇચ્છાશક્તિનું પ્રતીક ગણાવ્યું.

**(બાઇટ : નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી- સિંદૂર)**

શ્રી મોદીએ કહ્યું ગુજરાત બે મોહનની ધરતી છે , સુદર્શન ચક્રધારી ભગવાન કૃષ્ણ અને ચરખાધારી મહાત્મા ગાંધીની.

**(બાઇટ : નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી- મોહન)**

આ પ્રસંગે સભાને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , પ્રધાનમંત્રીની આગેવાનીમાં ભારત વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બનશે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવા દરેક ગુજરાતી ફાળો આપશે તેવી મુખ્યમંત્રીએ ખાતરી પણ આપી. અગાઉ શ્રી મોદી અમદાવાદ હવાઈમથકે પહોંચ્યા ત્યારે રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ શ્રી મોદીએ નિકોલ સભાસ્થળ સુધી રોડ શો યોજ્યો જેમાં શ્રી મોદીએ લોકોનું અભિવાદન ઝીલ્યું.

. .

# PM TOMORROW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના હાંસલપુરમાં સુઝુકી મોટર પ્લાન્ટ ખાતે બે ઐતિહાસિક સીમાચિહ્નોનું ઉદ્ઘાટન કરશે . શ્રી મોદી સુઝુકીના પ્રથમ વૈશ્વિક વ્યૂહાત્મક બેટરી ઇલેક્ટ્રિક વાહન "e Vitara"ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે . ભારતમાં ઉત્પાદિત આ વાહનોની યુરોપ અને જાપાન જેવા અદ્યતન બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરાશે . આ સિદ્ધિ સાથે , ભારત હવે સુઝુકીના ઇલેક્ટ્રિક વાહનો માટે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સેવા આપશે . આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારતના બેટરી ઇકોસિસ્ટમના આગામી તબક્કાનું ઉદ્ઘાટન પણ કરશે . આ પ્લાન્ટ સ્થાનિક ઉત્પાદન અને સ્વચ્છ ઉર્જા નવીનતાને વેગ આપશે . જેનાથી 80 ટકાથી વધુ બેટરીઓ હવે ભારતમાં બનાવાશે.

. . . . .

# NDPS TASK FORCE

માદક દ્રવ્યો અને કેફી પદાર્થો સામે અલગથી કાર્યવાહી કરવા રાજ્યમાં ઝોન આધારે 6 નવા માદક દ્રવ્યો વિરોધી કાર્ય દળ- ANTF એકમો બનાવાશે. સાંભળીએ એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને સરહદ ઝોનમાં ANTF કાર્યરત થશે. આ એકમો માટે એક પોલીસ અધિક્ષક , 6 નાયબ પોલીસ અધિક્ષક અને 13 પોલીસ ઈન્સ્પેકટર સહિત કુલ 177નું વધારાનું મહેકમ મંજૂર કરાયું છે. આ એકમોનું સમગ્ર સુપરવિઝન CID ક્રાઈમ દ્વારા કરાશે. ANTF દ્વારા માદક પદાર્થોની ખરીદી , વેચાણ , હેરફેર સાથે જોડાયેલા તત્વો સામે ત્વરિત અને અત્યાધુનિક રીતે કાર્યવાહી કરાશે. આ એકમો દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાશે , જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . .

# BJP KAMLAM

ગાંધીનગરમાં ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ. બેઠક બાદ માહિતી આપતા શ્રી પાટીલે જણાવ્યુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણીને અનુલક્ષીને રક્તદાન શિબિરનું આયોજન કરી દરેક જિલ્લામાં 750 યુનિટ રક્ત એકત્ર કરાશે. તેમણે ઉમેર્યું કે સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ નિમિત્તે કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી 150 કિલોમીટરની પદયાત્રા યોજાશે.

**(બાઇટ : સી.આર.પાટીલ. ભાજપ અધ્યક્ષ)**

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

........

# SURENDRANAGAR --TARNETAR LOK MELO

**સુરેન્દ્રનગર જિલ્લાના** થાનગઢ ખાતે આવતીકાલથી તરણેતરના ભાતીગળ લોકમેળાનો શુભારંભ થશે.

પાંચાળની પુરાતન લોકસંસ્કૃતિને ઉજાગર કરતો , આ મેળો ભાદરવા સુદ ત્રીજ થી છઠ્ઠ સુધી એટલે કે આવતીકાલથી ૨૯ ઓગસ્ટ સુધી યોજાનાર છે.

આવતીકાલે સવારે પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા ત્રિનેત્રેશ્વર મહાદેવનું કેવડાથી પૂજન અર્ચન અને જલાભિષેક કરશે. ત્યારબાદ મેળામાં દ્વિતીય ગ્રામીણ પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધા , પશુ પ્રદર્શન હરીફાઈ, ૨૦મી ગ્રામીણ ઓલિમ્પિકનું ઉદ્દઘાટન કરવામાં આવશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તારીખ ૨૮ ઓગસ્ટે મેળામાં વિશેષ હાજરી આપશે

ભાદરવા સુદ છઠ્ઠ તારીખ ૨૯ ઓગસ્ટના રોજ સવારે ગંગા વિદાય આરતી અને ધ્વજારોહણ કાર્યક્રમ બાદ મેળાની પૂર્ણાહુતિ થશે.

. . . .

# SPORTS-WEIGHTLIFTING

ટોક્યો ઓલિમ્પિકમાં રજત ચંદ્રક વિજેતા ખેલાડી મીરાબાઈ ચાનુએ આજે અમદાવાદમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં કુલ ૧૯૩ કિલો વજન શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.

વરિષ્ઠ મહિલા - 48 કિલોગ્રામ કેટેગરીમાં મીરાબાઈ ચાનુએ 3 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ સર્જ્યા છે.

આ ચેમ્પિયનશિપમાં દેશનાં ખેલાડીઓએ વિક્રમ સર્જક પ્રદર્શન કર્યું છે. સ્પર્ધાના પહેલે દિવસે - 44 કિલોગ્રામ કેટેગરીમાં પ્રીતિ સ્મિતા ભોઈએ 150 કિલોગ્રામ વજન ઉચંકીને 2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ કર્યા છે.

જ્યારે છોકરાઓની-56 કિલોગ્રામ કેટેગરીમાં ધર્મજ્યોતિએ કુલ: 224 કિલોગ્રામ વજન ઉંચકીને-2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ પ્રસ્થાપિત કર્યા છે.

૪૮ કિલોગ્રામ કેટેગરીની યુવા છોકરીઓની સ્પર્ધામાં પાયલે કુલ- ૧૬૬ કિલોગ્રામ વજન સાથે નવા રેકોર્ડ સર્જ્યો.

જ્યારે જુનિયર મહિલા-૪૮ કિલોગ્રામ કેટેગરીમાં સૌમ્યા દલવીએ કુલ- 177 કિલોગ્રામ વજન સાથે-2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ બનાવ્યાં છે.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આજે નવસારી , વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલી અને મોરબીમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

જ્યારે આવતીકાલે ભાવનગર , દાહોદ અને છોટાઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ કે દરિયાકાંઠાના વિસ્તારોના માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે બંદરો પર ૩LC સિગ્નલ પણ લગાડવામાં આવ્યું છે.

**(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)**

. . . . .

# GUJARAT RAIN

રાજ્યનાં 135 તાલુકામાં આજે મેઘમહેર થઈ છે. નવસારીના ખેરગામમાં આજે અઢી ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. તાપીના સોનગઢ , મહીસાગરના બાલાસિનોર અને સાબરકાંઠાના વિજયનગરમાં પણ બે ઈંચથી વધુ વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા.

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 84 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને પગલે રાજ્યનાં 222 જેટલા માર્ગ બંધ કરાયા છે. ડાંગ જિલ્લાના ખાતળ ફાટકથી ઘોડી માર્ગ માઇનોર બ્રિજ ઓવરટોપિંગ થવાથી બંધ કરાયો છે.

.

# GUJARAT DAM

ભારે વરસાદને પગલે રાજ્યના 94 જળાશય હાઇએલર્ટ પર છે. ત્યારે આજે મહેસાણાના ધરોઈ બંધના 8 દરવાજા ખોલી એક લાખ 7 હજાર ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું. જેથી ગાંધીનગરના સંત સરોવરમાંથી આજે ત્રીજા દિવસે પણ 21 દરવાજા ખોલી 27 હજાર 282 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે ત્યારે નગરજનોને નદી કિનારે ન જવા જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ અનુરોધ કર્યો.

**(બાઇટ : મેહુલ દવે, જિલ્લા કલેક્ટર)**

નર્મદા જિલ્લાના કરજણ બંધના 3 દરવાજા ખોલી પાણી છોડાતા કાંઠા વિસ્તારના 6 ગામોને એલર્ટ કરાયા છે. જ્યારે ગીર સોમનાથ જિલ્લાના દરિયાકિનારે ઉંચા મોજા ઊછળવાની શક્યતાને લઈ ભારતીય રાષ્ટ્રીય દરિયાઇ માહિતી સેવા કેન્દ્ર દ્વારા હાઈ વેવ એલર્ટ આપી લોકોને દરિયાની નજીક ન જવા અને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

. . .